તમારી કોઇ નિંદા કરે તો સહન કરજો.. તમારાં પાપ નિંદકને લાગશે અને તેના પુણ્ય તમને મળશે
- કબીર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૮૧ | ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૪, શુક્રવાર; ભાદરવા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**● મુંબઈ ઈન્ડિયન્સના કપ્તાન રોહિત શર્મા ચેમ્પિયન લીગમાં નહીં રમે**

ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન ઈજાગ્રસ્ત થયેલ ભારતીય ખેલાડી રોહિત શર્માને આંગળીએ ફ્રેકચર થવાથી ચાર સપ્તાહના આરામની સલાહ અપાઈ છે. નેશનલ ક્રિકેટ એકેડમી ખાતે ફિઝીયોથેરેપીસ્ટ દ્વારા કરાયેલી આ સલાહના કારણે રોહિત શર્મા આગામી ચેમ્પીયન્સ લીગમાં નહીં રમી શકે. આ સંજોગોમાં મુંબઈ ઈન્ડિયન્સનું નેતૃત્વ પોલાર્ડ અથવા લસિત મલિંગાને મળી શકે છે.

**● હવે એરપોર્ટ પર 'રોબર્ટ વાડ્રા' ની પણ તપાસ થશે**

યુપીએ સરકાર દરમિયાન વિશેષાધિકાર ભોગવતા સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાડ્રાની પણ હવે એરપોર્ટ વગેરે જગ્યાએ તપાસ થશે, કેન્દ્રિય ઉડ્ડયન મંત્રી અશોક ગજપથી રાજુએ મંગળવારે બ્યુરો ઓફ સીવીલ એવિએશન સિક્યોરીટીના અધિકારીઓ સાથેની મીટીંગમા આ સંકેત આપ્યો હતો. આમ રોબર્ટ વાડ્રાનું નામ વિશેષાધિકાર ધરાવતી ૩૦ વ્યકતઓના લીસ્ટમાંથી બાકાત કરવામાં આવશે.

# જિલ્લાના ૪૧ ગામોને ઘનકચરાના નિકાલ યોજનાને મંજૂરી

## ૧૩૫ ગામોને મંજૂરી આપવાના લક્ષ્યાંકને નબળો પ્રતિસાદ : મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પણ તંત્રની નિષ્ફળતાને લઈ તીખી ટકોર કરી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ૪૧ ગામોને ઘનકચરાના નિકાલની વ્યવસ્થા ઉભી કરવા માટેની મંજૂરી આપવામાં આવી છે. જો કે 'ગતિશીલ ગુજરાત ૧૦૦ દિવસ'માં ૧૩૫ ગામોને આ મંજૂરી આપવાનો લક્ષ્યાંક હતો.

ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાંથી ઘનકચરાના નિકાલ માટે તંત્રએ ૧૩૫ ગામોને મંજૂરી આપવાનો લક્ષ્યાંક નિયત કર્યો હતો પરંતુ ગ્રામ પંચાયતો દ્વારા નબળો પ્રતિસાદ સાંપડતા તંત્રને નિરાશા હાથ લાગી છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે પણ જિલ્લાની સમીક્ષા દરમ્યાન આ નબળી કામગીરીની ગંભીર નોંધ લઈ તંત્રની આકરી ટીકા કરી હોવાનું પણ જાણવા મળેલ છે. તેમજ આ બાબતે અધિકારીઓને અતિ ગંભીર અને વ્યુહાત્મક રીતે આગળ વધવા ખાસ ટકોર કરી છે.

ગાંધીનગર જિલ્લામાં ઘનકચરાના નિકાલ માટે પંચાયતો આર્થિક સંકડામણને લઈ તૈયાર નહિ

● અનુસંધાન પાન-૭ પર

# પેટા ચૂંટણીના પ્રચારનો અંત

## ગુજરાતમાં વિધાનસભાની ૯ અને વડોદરા લોકસભા સીટ પર મતદાન થશે

## હાઉસ ટુ હાઉસ પ્રચાર પર જોર : ૧૬મી સપ્ટેમ્બરે મતગણતરી હાથ ધરાશે

અમદાવાદ, તા. ૧૧

ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી ૯ અને લોકસભાની ૧ બેઠકની આગામી તા. ૧૩ના રોજ યોજાનારી પેટા ચૂંટણી આડે માત્ર ૪૮ કલાક બાકી રહ્યા છે ત્યારે આજ સાંજથી પ્રચારના ભુંગળાઓ શાંત થઈ ગયા હતા. અને માત્ર હાઉસ ટુ હાઉસ કોન્ટેક્સ, ગ્રુપ મીટીંગ, જ્ઞાતિ-સંસ્થાઓના આગેવાનો સાથે મુલાકાતના માધ્યમથી પ્રચારનો દોર શરૂ થયો છે. પેટાચૂંટણીનો સમગ્ર માહોલ પ્રથમથી જ શુષ્ક રહ્યો હતો અને અધુરામાં પુરુ વરસાદના કારણે પ્રચાર વધુ ધીમો બની ગયો હતો. છેલ્લા દિવસોમાં ચૂંટણીના માહોલમાં ગરમાવો લાવવા માટે કોંગ્રેસ-ભાજપના ટોચના આગેવાનો નએડીચોટીનું જોર લગાવી રહ્યા છે. મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ અને

● અનુસંધાન પાન-૭ પર

# ડીજી વણઝારાને જામીન

## મુંબઈની અદાલત દ્વારા જામીન આપી દેવાયા કોર્ટ દ્વારા મુકાયેલી શરતો પાળવા માટે તૈયાર

અમદાવાદ, તા. ૧૧



સમગ્ર ગુજરાત અને દેશમાં ભારે ચકચાર જગાવનાર સોહરાબુદ્દીન શેખ નકલી એન્કાઉન્ટર કેસમાં છેલ્લા સાત વર્ષથી જેલમાં બંધ અને જેલવાસ દરમ્યાન નિવૃત્ત થયેલા સુપરકોપ આઈપીએસ ડીજી વણજારાને મુંબઈ હાઈકોર્ટે શરતી જામીન આપી દીધા છે. કોર્ટે તેમને બે લાખના જાત મુચરકા પર જામીન આપ્યા છે. વણઝારાને પાસપોર્ટ પણ જમા કરાવવા કોર્ટે આદેશ કર્યો છે. વણઝારા વર્ષ ૨૦૦૭થી જેલમાં હતા

● અનુસંધાન પાન-૭ પર

PDPU
PANDIT DEENDAYAL PETROLEUM UNIVERSITY
RAISAN, GANDHINAGAR - 382 007
CENTER OF CONTINUING EDUCATION
IAS Coaching (English Medium)
New Batch for IAS/IPS/IFS/IRS...
UPSC Priliminary Exam and Main Exams 2015 at Affordable fees
For Details: bipin.mehta@pdpu.ac.in

Info City Club & Resort Organizing
NAMO's BIRTHDAY GREETING CARD COMPETITION


Children between 6 to 15 years only can participate
Entries should reach us before 15th September 2014
Best top 3 entries will receive amazing prizes
Make birthday greeting card yourself & send the same with your Name, Address & Contact Details on below given address by Person / Post / Courier
Infocity Club & Resort, Indroda Circle, S.G. Highway, Gandhinagar - 382009, GUJARAT (INDIA)
Phone: 079-23213111/ 22/ 33/ 44/ 55/ 66

તાલુકા સેવા સદન, ખેડબ્રહ્માનું લોકાર્પણ
તેમજ
કલેક્ટર કચેરી, સાબરકાંઠાની અદ્યતન વેબસાઈટનું લોંચીંગ,
૩૨ ગ્રામપંચાયતોને વાઈફાઈ કનેક્ટીવીટીની સુવિધા અને
દૂધ સંજીવની યોજના - વિજયનગર તાલુકાનો શુભારંભ

શ્રીમતી આનંદીબેન પટેલ
માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યનાં વરદ્ હસ્તે
તારીખ : ૧૨-૯-૨૦૧૪, શુક્રવાર ● સમય : સવારે ૯-૦૦ કલાકે ● સ્થળ : તાલુકા સેવા સદન, ખેડબ્રહ્મા
સૌજન્ય : ગવર્મેન્ટ સર્વન્ટ્સ રિક્રિએશન એન્ડ ચેરીટેબલ કલબ, હિંમતનગર